પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૬૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૯-૦૭-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જાપાનના પૂર્વ પ્રધાનમંત્રી શિંજો આબે પર એક સભામાં ભાષણ દરમિયાન ગોળીબાર થતા સારવાર દરમિયાન મોત નિપજયું



ટોકયો,

જાપાનના પૂર્વ પ્રધાનમંત્રી શિંજો આબે પર એક સભામાં ભાષણ દરમિયાન ફાયરિંગ થયું. આથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં જયાં તેમનું મૃત્યુ થયું છે. રિપોર્ટ્સ મુજબ શિંજો આબેને બે ગોળી વાગી છે. તેમના શરીરમાંથી હુમલા બાદ લોહી વહી રહ્યું હતું. ગોળી વાગ્યા બાદ તેઓ ત્યાં જ ઢળી પડ્યા તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સમળતી માહિતી મુજબ ગોળી વાગ્યા બાદ શિંજો આબેને હાર્ટ એટેક પણ આવી ગયો. શિંજો આબે પર આ હુમલો નારા શહેરમાં થયો. જ્યારે હુમલો થયો ત્યારે તેઓ ભાષણ આપી રહ્યા હતા. શિંજો આબે અચાનક આમ પડી જતા ત્યાં હાજર લોકોને પહેલા તો કઈ સમજમાં આવ્યું નહી. શિંજો આબે પર આ હુમલો શુક્રવારે સ્થાનિક સમય મુજબ સવારે ૧૧.૩૦ વાગે થયો.રિપોર્ટ મુજબ ગોળી ચાલવા જેવો અવાજ આવ્યો અને એક સંદિગ્ધને પકડી લેવાયો છે. ઘટના સ્થળે હાજર એક રિપોર્ટરે કહ્યું કે આબેના ભાષણ દરમિયાન તેમને સતત બે ધમાકાનો અવાજ સંભળાયો હતો. જાપાનની પોલીસે શિંજો આબે પર હુમલો કરનારા હુમલાખોરની ધરપકડ કરી લીધી છે. સ્થાનિક મીડિયા જિજિએ જણાવ્યું કે શિંજો આબેના ગળામાંથી લોહી વહી રહ્યું હતું. ત્યાં હાજર લોકોએ તત્કાળ તેમને સીપીઆર આપ્યું જેથી કરીને જીવ બચી શકે. અત્રે જણાવવાનું કે તેઓ પોતાની લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં ભાષણ આપવા માટે નારા પ્રાંત પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિક સમય મુજબ સવારે ૧૧.૩૦ વાગે તેમના પર પાછળથી ગોળી છોડાઈ. જાપાની મીડિયાના જણાવ્યાં મુજબ તેમના શરીરમાં કોઈ મૂવમેન્ટ જોવા મળી રહી ન હતી અને તેઓ જીવન અને મોત સામે ઝઝૂમી રહ્યા છે. હુમલાખોરની ગોળી તેમને છાતીમાં વાગી છે. હુમલા બાદના કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે. જેમાં ભાગદોડની સ્થિતિ જોવા મળી રહી છે. અત્રે જણાવવાનું કે શિંજો આબેએ વર્ષ ૨૦૨૦માં પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે સ્વાસ્થ્ય સારૂ ન રહેતું હોવાના કારણે રાજીનામું આપ્યું હતું. તેઓ લાંબા સમયથી બીમાર હતા. હુમલાખોરને પોલીસે પકડી લીધો છે. જો કે હજુ સુધી એ જાણવા મળ્યું નથી કે આખરે તેણે શિંજો આબે પર હુમલો કેમ કર્યો. હુમલાખોરે જેવો શિંજો આબે પર હુમલો કર્યો ત્યાં તૈનાત સુરક્ષાકર્મીઓએ તેની ધરપકડ કરી લીધી. સુરક્ષાકર્મીઓએ હુમલાખોર પાસેથી ગન છીનવી લીધી અને તેને જમીન પર સૂવાડી દીધો હતો . હુમલાખોરની ઉંમર ૪૦ વર્ષની હોવાની કહેવાઈ રહ્યું છે. જો કે હુમલાનું કારણ સામે આવ્યું નથી.

૬૭ વર્ષીય શિન્ઝો આબે લિબરલ ડેમોક્રેટિક પાર્ટી પાર્ટી સાથે જોડાયેલા છે. આબે ૨૦૦૬-૦૭ દરમિયાન વડાપ્રધાન હતા. આબેને આક્રમક નેતા માનવામાં આવે છે. શિન્ઝોને અલ્સેરેટિવ કોલાઈટિસ, આંતરડાનો રોગ હતો જેણે તેમને ૨૦૦૭ માં વડા પ્રધાન તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી. શિન્ઝો આબે સતત ૨૮૦૩ દિવસ (૭ વર્ષ ૬ મહિના) વડાપ્રધાન હતા. આ પહેલા આ રેકોર્ડ તેના કાકા ઈસાકુ સૈતોના નામે હતો.

જાપાનના પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબે એક રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. શિન્ઝો આબેના દાદા નોબુસુકે કિશી પણ જાપાનના વડાપ્રધાન હતા. નોબુસુકે કિશી ૧૯૫૭-૬૦ સુધી જાપાનના વડાપ્રધાન હતા. તે જ સમયે, શિન્ઝો આબેના પિતા શિન્તારો આબે ૧૯૮૨-૮૬ સુધી જાપાનના વિદેશ પ્રધાન હતા. શિન્ઝો આબે ૨૦૦૬માં પ્રથમ વખત જાપાનના વડાપ્રધાન બન્યા હતા. જોકે, બીમારીના કારણે તેમણે ૨૦૦૭માં રાજીનામું આપી દીધું હતું. આ પછી, વર્ષ ૨૦૧૨ માં, શિન્ઝો આબે ફરીથી જાપાનના વડા પ્રધાન બન્યા. ત્યારબાદ તેઓ વર્ષ ૨૦૨૦ સુધી સતત જાપાનના વડાપ્રધાન રહ્યા.

જાપાનના પૂર્વ પીએમ શિંજો આબે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખાસ મિત્ર છે. અનેક અવસરે પીએમ મોદી અને શિંજો આબે એકબીજાને યાદ કરી ચૂક્યા છે. ગત વર્ષે જ ભારતે શિંજો આબેને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે ઉડો શોક વ્યકત કર્યો છે આ ઉપરાંત કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી,પૂર્વ વડાપ્રધાન ડો મનમોહન સિંહે પણ આ ઘટના અંગે ઉડા શોકની લાગણી વ્યકત કરી હતી. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની આલ્બાનીસે શિન્ઝો આબે પર થયેલા હુમલા અંગે કહ્યું કે, પૂર્વ પીએમ શિન્ઝો આબેને ગોળી મારી દેવામાં આવી હતી. આ એકદમ ચોંકાવનારા સમાચાર છે. આ સમયે તેમના પરિવાર અને જાપાનના લોકો પ્રત્યે અમારી સંવેદના છે.

### અમદાવાદમાં સાંબેલાધાર વરસાદ

## બે કલાકમાં રખિયાલ, ગોમતીપુર, ઓઢવ, વિરાટનગર, રામોલ અને વસ્ત્રાલમાં ૫ ઈંચ વરસાદ



અમદાવાદ,

અમદાવાદમાં આજે બપોરથી ભારે વરસાદ શરૂ થયો હતો અને શહેરમાં સરેરાશ અઢી ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. બે કલાકમાં પૂર્વ વિસ્તારમાં પાંચ ઈંચ જેટલો વરસાદ પડયો છે. પૂર્વ વિસ્તારમાં આવેલા રખિયાલ, ગોમતીપુર, ઓઢવ, વિરાટનગર રામોલ, વસ્ત્રાલ, વિસ્તારમાં સરેરાશ ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. પશ્ચિમ ઝોનમાં આવતા પાલડી, વાસણા, વાડજ, ઉસ્માનપુરા, ઈક્રટેક્સ, આશ્રમ રોડ, ચાંદખેડા, રાણીપ, સાબરમતી વિસ્તારમાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

ઉત્તર ઝોનમાં મેમકો,નરોડા,કોતરપુર,સરદારનગર, મેઘાણીનગર સહિતના વિસ્તારમાં અઢી ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં આવતા થલતેજ, ગોતા, સાયન્સ સીટી વિસ્તારમાં દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. દક્ષિણ ઝોનમાં મણિનગર,વટવા સહિતના વિસ્તારમાં બે ઈંચ થી વધુ વરસાદ પડ્યો છે.

અમદાવાદમાં ભારે વરસાદના પગલે મકાન ધરાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી છે. રાયખડ વિસ્તારમાં આવેલા ચિસ્તીવાડમાં એક મકાનની દીવાલ ધરાશાયી થઈ છે જયારે આસ્ટોડિયા વિસ્તારમાં આવેલા માંડવીની પોળમાં પણ એક જૂનું મકાન ધરાશાયી થયું હતું.જો કે ફાયર બ્રિગેડ પહોંચે તેની પહેલા જ વ્યક્તિને સહીસલામત બહાર કાઢી લેવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કાટમાળ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત શહેરના અલગ અલગ વિસ્તારોમાં ઝાડ પડવાની ઘટના પણ બની છે.

અમદાવાદના પૂર્વ વિસ્તારોમા ભારે વરસાદ અસહ્ય બફારા અને ઉકળાટ બાદ વરસાદ શરુ થતા ભારે રાહત થઈ છે. શહેરના ખોખરા, હાટકેશ્વર, અમરાઈવાડી, ઈશનપુર, CTM, જશોદાનગર, મણિનગર, બાપુનગર, ઓઢવ, વસ્ત્રાલ, રખિયાલ,નિકોલ,રામોલ,વટવા સહિતના વિસ્તારોમા એક કલાકથી વરસાદ વરસી રહ્યો છે. વરસાદી પાણી સાથે ગટરના ગંદા પાણીના ચેમ્બરો માથી બહાર આવીને માર્ગ પર ફરી વળ્યા છે.આશ્રમ રોડ, ઉસ્માનપુરા, વાડજ, રખિયાલ, ઈક્રમટેક્ષ, ગોમતીપુરમાં એક કલાકમાં અઢી ઈંચ વરસાદ પડ્યો. ઓઢવ, વિરાટનગરમાં ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો. મેમકો, કૃષ્ણનગર, અમદુપુરા, સરસપુર, મણિનગર, સૈજપુર, જમાલપુર, ગાયકવાડ હવેલી વિસ્તારમાં એક ઈંચ વરસાદ પડ્યો

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૨૮ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે.રાજ્યમાં સૌથી વધુ ૮ ઈંચ વરસાદ જામકંડોરણામાં પડ્યો છે. જે બાદ કપરાડામાં પોણા છ ઈંચ, ઉપલેટામાં પોણા પાંચ ઈંચ વરસાદ ખાબક્યો છે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે ઠેર-ઠેર પાણી ભરાયા હોવાના દ્રશ્ય સામે આવી રહ્યાં છે, જ્યારે સામાન્ય જનજીવનને અસર પહોંચી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી વરસાદને લઈને આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદ રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, સુરત, ડાંગ, તાપીમાં પણ અતિભારે વરસાદની આગાહી છે. પાંચેય દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. પાંચ દિવસ દરમિયાન અમદાવાદ શહેરમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

## મુખ્યમંત્રી હેમંત સોરેનના ખાસ પંકજ મિશ્રાના ૯ સ્થળો ઉપર EDએ દરોડા પાડયા

સાહિબગંજ,

ઝારખંડ રાજ્યના સીએમ હેમંત સોરેન પર સંકટ વધી ગયું છે. ઈડીની ટીમે આજ સવારે સાહિબગંજમાં તેમના ધારાસભ્ય પ્રતિનિધિ પંકજ મિશ્રાના ૯ સ્થળો પર દરોડા પાડયા છે. પંકજ મિશ્રા અને તેના નજીકના બિઝનેસમેન રાજુ, ટ્વિંકલ ભગત, પાત્રુ સિંહ, છોટુ યાદવ, ડાહુ યાદવ, વિનોદ સાહુ, ક્રિષ્ના સાહ, ભગવાન ભગત પર પણ દરોડા પાડવામાં આવ્યા છે કૃષ્ણ સાહ અને ભગવાન ભગત પથ્થરના વેપારી છે. આ તમામ પંકજ મિશ્રાના સાથી હોવાનું મનાય છે. હોટલ, રેસ્ટોરન્ટ ઉપરાંત ઘરોમાં પણ દરોડા પડયા છે.

આ દરોડાને સસ્પેન્ડેડ આઈએએસ પૂજા સિંઘલ એપિસોડ સાથે જોડવામાં આવી રહ્યો છે. ગેરકાયદે ખનન મામલે દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. પૂજા સિંઘલ એપિસોડમાં પંકજ મિશ્રાનું નામ શરૂઆતથી જ સામે આવી રહ્યું છે. ઝારખંડ ઉપરાંત પશ્ચિમ બંગાળ અને બિહારની ઈડીની ટીમો પણ દરોડામાં સામેલ થઈ હતી ટીમ સવારે ૫ વાગે જ બેઝ પર પહોંચી હતી. દરોડા દરમિયાન તમામ જગ્યાઓ સીલ કરી દેવામાં આવી છે. સ્થાનિક પોલીસ ઉપરાંત સીઆરપીએફની ટીમ પણ હાજર રહી હતી અને મહિલા જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા હતાં ઈડીના દરોડા દરમિયાન જો ઈડીની ટીમને પંકજ મિશ્રાના ઠેકાણાઓમાંથી વાંધાજનક મળશે તો મુખ્યમંત્રી પર સંકટ વધી શકે છે.

તમને જણાવી દઈએ કે મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા ૪ જૂને સીએમના ધારાસભ્ય પ્રતિનિધિ પંકજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦માં સાહિબગંજ જિલ્લાના બરહરવા પોલીસ સ્ટેશનમાં પંકજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસ ટેન્ડર વિવાદમાં નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં શંભુ નંદ કુમારનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. પંકજ મિશ્રા ઉપરાંત શંભુ નંદ કુમારે ટેન્ડર વિવાદમાં મંત્રી આલમગીર આલમ પર તેમના ઈશારે હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે પોલીસે બંનેને ક્લીનચીટ આપી દીધી હતી.

થોડા દિવસો પહેલા એક મીડિયા ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં પંકજ મિશ્રાએ કહ્યું હતું કે તેઓ કોઈથી ડરતા નથી તેઓ ઈડ્ઢની તપાસ માટે તૈયાર છે. તેણે કંઈ ખોટું કર્યું નથી, તો શા માટે ડરવું? તેઓ EDના દરેક સવાલનો જવાબ આપવા તૈયાર બેઠા છે. તે જાણીતું હશે કે ગેરકાયદેસર ખાણકામના કેસમાં, EDએ રાજ્યના વિવિધ ખાણ અધિકારીઓની પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન, ખાણ અધિકારીઓએ મુખ્યમંત્રીના નજીકના સાથી પંકજ મિશ્રાનું નામ પણ જાહેર કર્યું હતું, ત્યારથી તે ઈડ્ઢના રડાર પર હતો. પંકજ મિશ્રા વિશે એવું માનવામાં આવે છે કે રાજ્યના વિવિધ અધિકારીઓ તેમના ઘરે દરબાર રાખે છે. પંકજ મિશ્રા નક્કી કરે છે કે કયા અધિકારીની બદલી-પોસ્ટિંગ થશે. હાલમાં જોવાનું એ રહે છે કે દરોડા દરમિયાન પંકજ મિશ્રાના વિવિધ સ્થળો પરથી ઈડ્ઢને શું મળે છે.

અહીં આ મામલે બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ ટ્વીટ કરીને આ મામલે કટાક્ષ કર્યો છે. ટ્વીટ કરીને તેણે કહ્યું છે કે સવારથી જ પત્રકારોએ તેમને હેરાન કર્યા છે, હું તેમની માહિતી સામાન્ય લોકોને જણાવી રહ્યો છું. પંકજ ભાગી ન શક્યો? છેવટે, ઈડ્ઢની તપાસમાં તેના સ્થાને દરોડા શરૂ થયા.

## બુલેટ ટ્રેન પરિયોજનાના ચેરમેન સતીશ અગ્નિહોત્રી સસ્પેન્ડ




નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે અચાનક એક નિર્ણય લીધો છે. પોતાની મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેન પરિયોજનાના પ્રમુખ સતીશ અગ્નિહોત્રીને સસ્પેન્ડ કરી દીધા છે. અદિકારીઓએ કહ્યુ કે રાષ્ટ્રીય હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના અધ્યક્ષ અને મેનેજિંગ ડાયરેક્ટરના રૂપમાં કાર્યરત અગ્નિહોત્રીને ભ્રષ્ટાચારના આરોપમાં તત્કાલ પ્રભાવથી હટાવી દેવામાં આવ્યા છે. એક આદેશમાં કહેવામાં આવ્યું છે કે ત્રણ મહિનાના સમય માટે એનએચએસઆરસીએલમાં ડાયરેક્ટર (પરિયોજના) ના રૂપમાં કાર્યરત ભારતીય રેલવે સેવા એન્જિનિયર રાજેન્દ્ર પ્રસાદને એન.એચ.એસ.આર.સી.એલ.માં મેનેજિંગ ડાયરેક્ટરના પદની જવાબદારી આપવામાં આવી છે. આ આદેશ કાર્યભાર ગ્રહણ કરવાની તારીખ કે આગામી આદેશ સુધી જે પણ પહેલા હશે તે લાગૂ પડશે. એન.એચ.એસ.આર.સી.એલ.ના પ્રવક્તાએ આ મામલા પર કોઈ ટિપ્પણી કરી નથી. અગ્નિહોત્રી વિરુદ્ધ આરોપો વિશે પૂછવા પર રેલ મંત્રાલયના અધિકારીઓએ ટિપ્પણી કરવાથી ઈનકાર કરી દીધો. અગ્નિહોત્રી ૧૯૮૨ બેચના આઈઆરએસઈ અધિકારી છે અને તેમને પાછલા વર્ષે જુલાઈમાં એનએચએસઆરસીએલના સીએમડી બનાવવામાં આવ્યા હતા.

રેલવેના અધિકારીઓએ કહ્યું કે અગ્નિહોત્રીને ૨૦૧૧માં થયેલા એક મામલા માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. મંત્રાલયના એક અધિકારીએ કહ્યું- લોકાયુક્તને ઘણી ફરિયાદો મળ્યા બાદ અધિકારીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ મામલાની તપાસ સીબીઆઈ કરી રહી છે. આ મામલા સાથે જોડાયેલા એક અધિકારીએ નામ ન છાપવાની વિનંતી કરતા કહ્યું- ફરિયાદી અગ્નિહોત્રીના બેચમેટ છે. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે અગ્નિહોત્રી રેલ વિકાસ નિગમ લિમિટેડમાં હતા તો તેમણે તે કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો હતો, જેમાં તેમનો પુત્ર કામ કરતો હતો. અરજીકર્તાએ આરોપ લગાવ્યો હતો કે નિવૃત્તિ બાદ અગ્નિહોત્રી નક્કી સમયગાળા પહેલા એક ખાનગી કંપનીમાં સામેલ થઈ ગયા હતા.

## આગામી ૫ વર્ષમાં પેટ્રોલ પર પ્રતિબંધ લાગશે : નીતિન ગડકરી



દેશમાં ઈંધણની વધતી કિંમતોએ સામાન્ય માણસની કમર તોડી નાખી છે. મોંઘવારી પણ રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે. આથી ઈંધણના ભાવમાં બે રૂપિયાનો પણ ઘટાડો થાય તો સામાન્ય માણસને મોટી રાહત મળે છે. આ દરમિયાન કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે મોટું નિવેદન આપ્યું છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થઈ રહેલા વધારા વચ્ચે તેમણે કહ્યું છે કે આગામી પાંચ વર્ષમાં દેશમાંથી પેટ્રોલ ખતમ થઈ જશે. તેના પર પ્રતિબંધ મુકવામાં આવશે.

નીતિન ગડકરી અકોલામાં ડૉ. પંજાબરાવ દેશમુખ કૃષિ યુનિવર્સિટીના ૩૬માં દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે બોલી રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને કૃષિ યુનિવર્સિટી દ્વારા 'ડોક્ટર ઓફ સાયન્સ'ના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલપતિ ભગતસિંહ કોશ્યારીએ કરી હતી.

ગડકરીએ કહ્યું કે હવે વિદર્ભમાં બનેલા બાયો-ઈથેનોલનો ઉપયોગ વાહનોમાં થઈ રહ્યો છે. કૂવાના પાણીમાંથી ગ્રીન હાઈડ્રોજન બનાવી શકાય છે અને તેને ૭૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચી શકાય છે. ગડકરીએ કહ્યુ કે આગામી પાંચ વર્ષમાં દેશમાં પેટ્રોલ ખતમ થઈ જશે. તેમણે કહ્યું કે કોઈ પણ ખેડૂત માત્ર ઘઉં, ચોખા, મકાઈનું વાવેતર કરીને પોતાનું ભવિષ્ય બદલી શકતો નથી. ગડકરીએ કહ્યું કે ખેડૂતોએ માત્ર ખાદ્યપદાર્થો નહીં પરંતુ ઉર્જા પ્રદાતા બનવાની જરૂર છે.

ગડકરીએ કહ્યું કે ઈથેનોલ પરના નિર્ણયથી દેશના ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની બચત થઈ છે. નજીકના ભવિષ્યમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર ગ્રીન હાઈડ્રોજન, ઈથેનોલ અને સીએનજી પર આધારિત હશે.

## સારા વરસાદને કારણે ગુજરાતના અનેક ડેમ ઓવરફ્લો, નર્મદા ડેમની પણ સપાટી વધી

અમદાવાદ,

ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અનેક જિલ્લાઓ પાણીમય બન્યા છે. રસ્તાઓ, નદી, નાળા, વોકળામાં પાણી ભરાયાની સ્થિતિ છે. ત્યારે સારી વાત એ છે કે, સારા વરસાદને કારણે ગુજરાતના અનેક ડેમ અત્યારથી જ છલકાઈ ગયા છે. તેમજ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે. આ ઉપરાંત દ્વારકાનો બોખરિયા ડેમ, તાપી પરનો ઉકાઈ ડેમ, વંથલીનો ઓઝત વિયર ડેમ, બગડ નદી પરનો બગડ ડેમ ઓવરફ્લો થયો છે. સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે. ઉપરવાસમાંથી પાણીની આવક વધતા ૮૫૫૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. જેથી હાલ નર્મદા ડેમની સપાટી ૧૧૪.૩૮ મીટર પર પહોંચી છે. પાણીની આવક વધતા ધીમેધીમે ડેમની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. હાલ સીએચપીએચના ૨ પાવર હાઉસ ચાલુ કરાયા છે. ટોટલ આઉટફ્લો ૮૪૦૯ ક્યુસેક પાણી છે.

કપરાડામાં ૧૪ કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાતા મધુબન ડેમમાં પાણીની આવકમાં ધરખમ વધારો થયો છે. મધુબન ડેમના ૬ દરવાજા ૧ મીટર ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી નદીમાં ૨૧૯૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. તો બીજી તરફ, દમણગંગા નદીએ પણ તોફાની સ્વરૂપ લીધુ છે. વાપી નજીક દમણગંગા નદીનો વિયર ડેમ પણ ઓવરફ્લો થયો છે. લોકોને નદી કિનારા નજીક નહિ જવા સૂચન અપાયુ છે. જોકે, તંત્રના સૂચનનો અનાદર કરી કેટલાક લોકો ધસમસતી નદીના પ્રવાહ નજીક દેખાયા છે. આગામી બે દિવસમાં જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

બીજી તરફ, ધોધમાર વરસાદના પગલે દ્વારકાના ચરકલા પાસે આવેલ બોખરીયા ડેમ ઓવરફ્લો થયો છે. અવિરત વરસાદના પગલે ૨૪ કલાકમાં જ બોખરીયા ડેમ ઓવરફ્લો થઈ ગયો હતો. આસપાસના વિસ્તાર માટે જીવાદોરી સમાન ડેમ ઓવરફ્લો થતાં લોકોમાં ખુશીની લાગણી છવાઈ છે.

ભારે વરસાદથી તાપીના ઉકાઈ ડેમની જળ સપાટી વધી છે. ઉકાઈ ડેમની જળ સપાટી ૩૧૫.૫૯ ફૂટે પહોંચી છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, ઉકાઈ ડેમમાં ૧૧,૭૯૧ ક્યૂસેક પાણીની આવકની સામે ૧૦૦૦ ક્યૂસેક પાણીની જાવક નોંધાઈ છે. આ ઉપરાંત વંથલીનો ઓઝત વિયર ડેમ પણ છલકાયો છે. ડેમ ૨ ફૂટ ઉપરથી પાણી વહી રહ્યુ છે. ઓઝત ડેમના તમામ ૧૨ બારા ખોલવામાં આવ્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ઓઝત નદીમાં નવુ નીર આવ્યુ છે.

ભાવનગર જિલ્લામાં સતત વરસાદના પગલે મેઘાવી માહોલ જામ્યો છે. વરસાદના કારણે જિલ્લાના અનેક જળાશયોમાં પાણીની આવક થઈ રહી છે. ભારે વરસાદના પગલે ભાવનગર જિલ્લાના મહુવાનો બગડ ડેમ ઓવરફ્લો થયો છે. મહુવા અને બગદાણા પંથકમાં ધોધમાર વરસાદને પગલે બગડ નદી પરનો બગડ ડેમ ઓવરફ્લો થયો છે. જેમાં ડેમની ઓવરફ્લો સપાટીથી ૩૫ સેમી ઉપર થઈને પાણી વહી રહ્યું છે.


### ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ/સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામને જણાવવાનું કે ઓદ્યોગિકતાલીમ સંસ્થા અડાદરા તા.કાલોલ જી.પંચમહાલમાં ચાલતા ટ્રેડો ૧.વાયરમેન, ૨.કોમ્પ્યુટર(કો.પા), ૩.સુઈંગ ટેકનોલોજી, ૪.આર્મેચર મોટર રીવાઈન્ડીંગ માટેની જરૂરી રો–મટીરીયલ કાચા માલસામાન, સ્ટેશનરી ખરીદી તેમજ મશીનરી રીપેરીંગ, ફર્નીચર રીપેરીંગ, મકાન મેન્ટેનન્સ, એ.સી રીપેરીંગ, CCTV રીપેરીંગ ના મજુરી તેમજ માલસામાન સાથેના ભાવો તેમજ તાલીમાર્થી પ્રવાસ મુસાફરી અંગેના ભાવો વિગેરે માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીના સમય માટે વાર્ષિક ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગેની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગેરે સંસ્થાના કાર્યાલયમાંથી ટેન્ડર ફોર્મ દીઠ રૂ.૫૦૦/– (અંકે પાંચસો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૧૦ માં મેળવી લેવાના રહેશે.

આચાર્ય

તારીખ : ૦૮/૦૭/૨૦૨૨

ઓદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા
તા.કાલોલ જી.પંચમહાલ

### ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ/સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામને જણાવવાનું કે ઓદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા (ગ્રામ વિકાસ) તા.જાંબુઘોડા જી.પંચમહાલ માં ચાલતા ટ્રેડો ૧.વાયરમેન, ૨.કોમ્પ્યુટર(કો.પા), ૩.ફીટર, ૪.વેલ્ડર માટેની જરૂરી રો–મટીરીયલ કાચા માલસામાન, સ્ટેશનરી ખરીદી તેમજ મશીનરી રીપેરીંગ, ફર્નીચર રીપેરીંગ, મકાન મેન્ટેનન્સ, એ.સી રીપેરીંગ, CCTV રીપેરીંગ ના મજુરી તેમજ માલસામાન સાથેના ભાવો તેમજ તાલીમાર્થી પ્રવાસ મુસાફરી અંગેના ભાવો વિગેરે માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીના સમય માટે વાર્ષિક ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે.ટેન્ડર ફોર્મ તથા તે અંગેની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગરે સંસ્થાના કાર્યાલયમાંથી ટેન્ડર ફોર્મ દીઠ રૂ.૫૦૦/– (અંકે પાંચસો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૧૦ માં મેળવી લેવાના રહેશે.

આચાર્ય

તારીખ : ૦૮/૦૭/૨૦૨૨

ઓદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા
તા.જાંબુઘોડા જી.પંચમહાલ

### ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ/સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામને જણાવવાનુંકે ઓદ્યોગિક તાલીમ સંસ્થા પીપલોદ તા.દેવગઢબારિયા જી.દાહોદમાં ચાલતા ટ્રેડ ૧.કોમ્પ્યુટર(કો.પા) માટેની જરૂરી રો–મટીરીયલ કાચા માલસામાન, સ્ટેશનરી ખરીદી તેમજ મશીનરી રીપેરીંગ, ફર્નીચર રીપેરીંગ, મકાન મેન્ટેનન્સ, એ.સી રીપેરીંગ, CCTV રીપેરીંગના મજુરી તેમજ માલસામાન સાથેના ભાવો તેમજ તાલીમાર્થી પ્રવાસ મુસાફરી અંગેના ભાવો વિગેરે માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીના સમય માટે વાર્ષિક ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગેની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગરે સંસ્થાના કાર્યાલયમાંથી ટેન્ડર ફોર્મ દીઠ રૂ.૫૦૦/– (અંકે પાંચસો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૧૦ માં મેળવી લેવાના રહેશે.

આચાર્ય

તારીખ : ૦૮/૦૭/૨૦૨૨

ઓદ્યોગિક તાલીમ સંસ્થા પીપલોદ
તા.દેવગઢ બારિયા જી.દાહોદ

### ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬

વિષય : ''ફૈઝે અશરફ ખીદમત વકફ ટ્રસ્ટ''

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી પંજાબી શોએબ મોહંમદહનીફ મુ.પો.ચિખોદ્રા, જી.પંચમહાલ નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./હે. | જીલ્લો અને તાલુકો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.મી. |
|---|---|---|---|---|
| મુ.પો.ચિખોદ્રા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખુલ્લી જમીન | રે.સ.નં.૩૪૭ પૈકી ૧/પૈકી પ્લોટ નં.૪૩ | ૯૦.૦૦ |

ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન–૭ માં ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એચ. ખુમાર)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજય વકફ બોર્ડ,
ગાંધીનગર

# સંતરામપુરના ખેડાપા ગામના કાંકરા ડુંગરા ગામે મકાન ધરાશાઈ થતાં દાદી અને પૌત્રીનું મોત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ખેડાપા ગામના કાકરા ડુંગરા વિસ્તારમાં મકાન ધરાશાયી થઈ જતા દાદી અને પૌત્રીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે દાદા ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

સંતરામપુર તાલુકાના ખેડાપા ગામના કાકરા ડુંગરા વિસ્તારમાં કેદારભાઈ મોગજીભાઈ પારગી, તેમના પત્ની સવિતાબેન અને પૌત્રી સૃષ્ટિ (૭.૦૨) ઘરમાં ઊંઘતા હતા. ભાર વરસાદના કારણે રાત્રે ૨ વાગ્યાની આસપાસ તેમનું કાચુ મકાન અચાનક જ ધરાશાયી થઈ ગયું હતું. જેમાં ઊંઘી રહેલા દાદી અને પૌત્રીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. ચીસાચીસ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સંતરામપુર જ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને દાદા કેદારભાઈને કાટમાળી બહાર કાઢીને સંતરામપુરની ખાનગી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

કાચા મકાનનો બધો કાટમાળ સામાન પરિવાર પર પડ્યો હતો. જેથી દાદી અને પૌત્રીને કાટમાળ નીચે દબાઈ ગયા હતા. બંનેને બચાવવા માટેનો ઘણો પ્રયાસ કરવા છતાં આખરે બંનેને જીવ ગુમાવવો પડ્યો હતો. દાદી-પૌત્રીનું મોત થતાં પરિવારે આક્રંદ કર્યું હતું. જેને પગલે ખેડાપા ગામના કાકરા ડુંગરા વિસ્તારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સંતરામપુર મામલતદાર પણ ઘટના સ્થળે દોડી ગયા હતા.

# સંતરામપુર તાલુકાના લીમડી પ્રાથમિક શાળા ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું



લુણાવાડા, આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના લીમડી પ્રાથમિક શાળા ખાતે તાલુકા પંચાયત સદસ્ય મતી મંગળાબેન બરજોડની ઉપસ્થિતિમાં લીમડી ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રા નીકળી.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય મતી મંગળાબેન બરજોડે જણાવ્યું કે,રાજ્ય સરકારની યોજનાઓએ લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું છે. સામાન્ય લોકોનું જીવન સુધરે અને તે બહેતર થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દિવસ રાત મહેનત કરે છે તેના કારણે આ શક્ય બન્યું છે. સરકારની કાર્યશૈલીને કારણે આજે ભારત વિશ્વગુરૂ બનવાં તરફ અગ્રેસર થઈ રહ્યું છે. રાજ્યમાં અનેક યોજનાઓ બનાવી સમાજના છેવાડાના માનવીનું ઉત્થાન થાય તે માટે લેવાયેલાં પગલાઓ વિશેની તેમણે જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્ટેજ પરથીમહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ પછી મહાનુભાવોના હસ્તે વૃક્ષા રોપણ કર્યું.

આ કાર્યક્રમમાં, લીમડી સરપંચમતી જશોદાબેન, તલાટી, શાળાના આચાર્ય, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લાના ભાઈઓ બહેનોને વોલીબોલ એકેડમીમાં પ્રવેશ માટે હાઈટ હન્ટનું આયોજન

લુણાવાડા, સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલીત ડી.એલ.એસ.એસ અને વોલીબોલ એકેડમીમાં મહીસાગર જિલ્લાના ભાઈઓ બહેનોના પ્રવેશ માટે હાઈટ હન્ટનું આયોજન કરેલ છે. જેમાં ઉંમર પ્રમાણે ઉંચાઈ ધરાવતા ભાઈઓ બહેનોને ભાગ લેવા જણાવાયું છે. જેમાં ૧૨ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૬૩ થી વધુ અને ભાઈ માટે ૧૬૮ થી વધુ, ૧૩ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૬૬ થી વધુ અને ભાઈ માટે ૧૭૩ થી વધુ, ૧૪ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૭૧ થી વધુ અને ભાઈ માટે ૧૭૯ થી વધુ, ૧૫ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૭૩ થી વધુ અને ભાઈ માટે ૧૮૪ થી વધુ, ૧૬ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૭૫ થી વધુ અને ભાઈ માટે ૧૮૭ થી વધુ, ૧૭ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૭૭ થી વધુ અને ભાઈ માટે ૧૯૦ થી વધુ અને ૧૮ વર્ષની ઉંમરના બહેનો માટે ૧૭૮ થી વધુ અને ભાઈ માટે ૧૯૨ થી વધુ, વય અને ઊંચાઈની મર્યાદામાં રસ ધરાવનાર ભાઈઓ-બહેનો એ તા.૧૪/૦૭/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે સરદાર પટેલ વિદ્યાલય, લુણાવાડા ખાતે હાજર રહેવા જિલ્લા રમત વિકાસ અધિકારી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહિસાગર મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા ગેસ અને તેલના ભાવ વધારા લઈ વિરોધ પ્રદર્શન


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહિસાગર જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા સંતરામપુર ખાતે મોંઘવારીના વિરોધની રેલી કરી સૂત્રોચ્ચાર કરેલ હતાં.

જેમાં મહિસાગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સુરેશભાઈ પટેલ, માજી પ્રમુખ હરજીવનભાઈ પટેલ, સંતરામપુર શહેર કોંગ્રેસ પ્રમુખ દિપેશ પ્રજાપતી, મહિસાગર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ લતાબેન માલીવાડ, પ્રદેશના મણિબેન ડામોર, કાંતાબેન ચારેલ તેમજ કોકિલાબેન ડામોર, ઈલ્લાબેન દામા વગેરે કાર્યકર મિત્રો હાજર રહી રેલી સ્વરૂપે બસ સ્ટેન્ડ ચોકડી પાસે વિરોધ પ્રદર્શન કરેલ હતું.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર બીઆરસી ભવન ખાતે બી.આર.સી નવી નિમણૂંક કરાઈ હતી. જેમાં આજરોજ ઘનશ્યામભાઈ યાદવ ચાર્જ સંભાળ્યો હતો. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રા.આચાર્ય અરવિંદભાઈ પટેલ તેમની બુકે આપીને શુભેચ્છા પાઠવી હતી.**

# મહીસાગર જિલ્લાના ખેડુતોને ઘાસચારાના બિયારણ સહાય અંગે

લુણાવાડા, મહીસાગર જિલ્લાના ખેડુતો માટે જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા ઘાસચારા વિકાસ કાર્યક્રમ હેઠળ ઘાસચારાના વાવેતર માટે ઘાસચારા જુવાર (સી. એસ.એચ.-૨૪ MF વેરાયટી) (એક કીટ-૧૦કિ.ગ્રા) અને ઘાસચારા બાજરી (બી.એ.આઈ.એફ.-૧ વેરાયટી) (એક કીટ-૦૩ કિ.ગ્રા) કરવાનું થાય છે. જે ખેડુતોને ૭૫% સહાયથી બિયારણ કિટ વિતરણ રસ ધરાવતા મહીસાગર જિલ્લાના તમામ ખેડુતોને વહેલા તે પહેલાના ધોરણે ખેતીવાડીના ગ્રામસેવક વિસ્તરણ અધિકારીનો સંપર્ક સાધી નામ નોંધાવી લાભ મેળવવા તમામ ખેડુતોને અનુરોધ કરવામાં આવે છે. વધુ માહિતી માટે ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી(ખેતી)નો સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી અખબારી યાદીમાં જણાવાયુ છે.

# આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત લુણાવાડા તાલુકાના કાનેલા ગામે તા.૧૧ જુલાઈના રોજ લોકડાયરો યોજાશે

લુણાવાડા, આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત દેશ ભક્તિના ગીતો અને શૌર્યગીતો સહિત લોકડાયરાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે ગુજરાત રાજ્ય સંગીત નાટક કલા અકાદમી દ્વારા લુણાવાડા તાલુકાના કાનેલા ગામે તા.૧૧-૦૭-૨૦૨૨ના રોજ આકાશવાણી કલાકાર વિજાણંદ તુરીનો લોકડાયરો યોજાવાનો છે. તો સૌ આ લોકડાયરો નિહાળવા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

# દાહોદના ચાર તાલુકામાં સ્પેશ્યલ ટીચર દ્વારા દિવ્યાંગ બાળકોને જરૂરીયાતના સાધનોનું વિતરણ



દાહોદ, શિક્ષા દાહોદ આઈ.ઈ.ડી યુનિટ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે એલિમ્કો સંસ્થા તથા સમગ્ર શિક્ષા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે માનનીય જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખના માર્ગદર્શન હેઠળ સેરેબ્રલ પાલસી, શારીરિક વિકલાંગતા, દ્રષ્ટિક્ષતિ અને મંદબુદ્ધિ બાળકોને સાધન સહાય કેમ્પનું આયોજન તારીખ ૮/૭/૨૦૨૨ ના રોજ લીમખેડા બીઆરસી ભવન ખાતે લીમખેડા, સિંગવડ, દે.બારીયા અને ધાનપુર એમ ચાર તાલુકાના બાળકો માટે કરવામાં આવેલ જેમાં ડો.ચંદન ચંદ્રા, જિલ્લા કો-ઓર્ડીનેટર મહેશભાઈ પટેલ, લીમખેડા બ્લોકના બીઆરસી કો-ઓર્ડીનેટર ઋષિભાઈ સલાણિયા, સીંગવડ બ્લોકના બીઆરસી કો-ઓર્ડીનેટર સામજીભાઈ કામોળ, ધાનપુર બ્લોકના બીઆરસી કો ઓ કુન્દનભાઈ મકવાણા, દે.બારીયા બ્લોકના બીઆરસી કો ઓ ધર્મેશભાઈ પટેલ તથા ચારેય તાલુકાના સ્પેશિયલ ટીચર અનેવિશિષ્ટ શિક્ષકો દ્વારા કુલ ૨૨૧ જેટલા દિવ્યાંગ બાળકોને તેમની જરૂરિયાત મુજબના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું.

# પહેલીવાર નેશનલ ગેમ્સ ૨૦૨૨ ગુજરાતમાં રમાશે

ગાંધીનગર, ગુજરાત ઓલિમ્પિકની તૈયારી તરફ આગળ વધી રહ્યુ છે. તે પહેલા ગુજરાતના આંગણે મોટી સ્પોર્ટસ ઈવેન્ટ યોજાવા જઈ રહી છે. ગુજરાતમાં ૩૬ મો રાષ્ટ્રીય સ્પોર્ટસ મહોત્સવ યોજાવાની જાહેરાત કકરાઈ છે. જેમાં દેશભરના ૨૫ હજારથી વધુ રમતવીરો ભાગ લેશે. ગુજરાતના આંગણે રમાનારી નેશનલ ગેમ્સ ૨૦૨૨ ની ઈવેન્ટ ખાસ બની રહેશે.

ગુજરાત પહેલીવાર આ પ્રકારના નેશનલ લેવલના રમોત્સવની યજમાની કરવા જઈ રહ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેરાત કરી કે, ગુજરાતમાં પહેલીવાર રાષ્ટ્રીય રમતોત્સવ યોજાશે. ૩૬ મી નેશનલ ગેમ્સ ૨૦૨૨ ઈવેન્ટ ગુજરાતના આંગણે રમાશે. જે સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમિયા યોજાશે. અમદાવાદ સહિત ગુજરાતના ૬ શહેરોમાં તેનું આયોજન કરાશે. જેમાં દેશભરના ૨૫ હજારથી વધુ રમતવીરો ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે, ઓલિમ્પિકની દાવેદારી પહેલા ગુજરાત સરકારનું આ મોટું આયોજન છે. નેશનલ ગેમ્સ ૨૦૨૨ નુ ઓપનિંગ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં થાય તેવી શક્યતા છે.

વિવિધ કારણોથી સ્થગિત થઈ રહેલી નેશનલ ગેમ્સની આખરે જાહેરાત થઈ છે. ભારતીય ઓલિમ્પિક સંગના મહાસચિવ રાજીવ મહેતા આ માહિતી આપી હતી કે, આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ગુજરાતના વિવિધ શહેરોમાં યોજાશે. આ નિર્ણય ગુજરાત ઓલિમ્પિક સંઘ અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી લેવાયો છે. ગુજરાત સરકારે આ ગેમ્સના આયોજન માટે ઈચ્છા વ્યક્ત કરી હતી, જેને સ્વીકારમાં આવી હતી. આગામી થોડા દિવસોમાં આ જાહેરાત કરવામાં આવશે.

આ અગાઉ નેશનલ ગેમ્સ ૨૦૧૫ માં કેરળમાં છેલ્લા યોજાઈ હતી. ગોવામાં નવેમ્બર ૨૦૧૬ માં નેશનલ ગેમ્સ યોજાનાર હતી, પરંતુ રાજ્ય સરકારની અસમર્થતાને કારણે ૨ વાર તેને ટાળવામાં આવી હતી. તેના બાદ તેને ૨૦૨૦ માં યોજવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ કોરોના મહામારીને કારણે તે આયોજિત થઈ શક્યુ ન હતું.

# દાહોદ શહેરમાં ગ્રાહકો બોલાવવાના ઈશારો કરતાં ઝગડો અને મારઝુંડ થતાં ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરમાં વેપાર કરતાં સમયે ગ્રાહકોને બુમો પાડી ઈશારો કરી બોલાવવા મામલે થયેલ ઝઘડામાં ચાર જેટલા ઈસમોએ બે વ્યકિતઓને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૬ જુલાઈના રોજ દાહોદ શહેરના ગોદીરોડ ખાતે રહેતાં ઈરફાન અબ્દુલરઝાક વાઢેલ દાહોદ શહેરમાં આવેલ મુસાફર ખાતા વિસ્તાર ખાતે પોતાનો ધંધો રોજગાર કરતાં હતા અને તે સમયે ગોદીરોડ વિસ્તાર ખાતે રહેતાં જુનેદ ઈસાક પાતલીયા, તલહા ઈસાક પાતલીયા, યુસુફ ઈસાક પાતલીયા અને હારૂન હુસેન મદારીને કહેલ કે, તમો અમારા ગ્રાહકોને તમારી દુકાને કેમ બોલાવવા માટે બુમો પાડી ઈશારો કરો છો, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાકડીઓ લઈ દોડી આવી ઈરફાનભાઈ અને ઈમરાનભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત ઈરફાનભાઈ અબ્દુલરઝાક વાઢેલે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ અનાજ માર્કેટ પાસે ૪૨ વર્ષીય વ્યકિતએ ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત

દાહોદ, દાહોદ શહેરના અનાજ માર્કેટની પાસે એક ૪૨ વર્ષીય વ્યકિતએ અગમ્યકારણોસર ઝેરી દવા ગટગટાવી લેતાં ગંભીર હાલતમાં વ્યકિતને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન વ્યકિતનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૩ જુલાઈના રોજ દાહોદ શહેરમાં ગરબાડા રોડ ખાતે સહકાર નગરમાં વિદ્યાધામ સોસાયટીમાં રહેતાં ૪૨ વર્ષીય કલ્પેશ અરવિંદભાઈ પંચાલે દાહોદ શહેરમાં આવેલ અનાજ માર્કેટની પાસે આવેલ જૈન દેરાસરની સામે ખુલ્લામાં કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ અંગેની જાણ પરિવારજનો તેમજ સ્થાનીક લોકોને થતાં તાત્કાલિક કલ્પેશભાઈને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન કલ્પેશભાઈનું ગતરોજ મોત નીપજતાં આ સંબંધે ગરબાડા રોડ, સહકાર નગર, વિદ્યાધામ સોસાયટીમાં રહેતાં અરવિંદભાઈ કચરાજી પંચાલે દાહોદ શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે.

વૃષભ : આજે વૃષભ રાશિના જાતકો નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે. સાંજથી રાત સુધીમાં મુસાફરીની શક્યતા બની રહી છે. આજે તમે નીડર રહેશો.

મિથુન : આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા ભારે પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

કર્ક : જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે, સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે. પરંતુ ચિંતા કરશો નહીં, કંઈક એવું બનશે કે તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

સિંહ : આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો.બુદ્ધિથી લીધેલા નિર્ણયો ફાયદાકારક રહેશે.

કન્યા : આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. તમારા પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના હશે.

તુલા : આજે તમારે નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક વસ્તુઓ પર ખર્ચા વધુ થશે.

વૃશ્ચિક : આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે.

ધનુ : આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે. જૂના રોકાયેલા કાર્યો થોડો ખર્ચ કરીને પૂરા કરી શકાય છે.

મકર : આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. નોકરીમાં ગુપ્ત દુશ્મનો હેરાન કરશે.

કુંભ : આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

મીન : આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે. પૂછ્યા વિના કોઈને સલાહ ના આપો, તેની વિપરિત અસર પડશે.

# મારા સૌથી વ્હાલા મિત્રોમાંથી એક શિંજો આબેના દુખદ નિધન પર સ્તબ્ધ અને દુ:ખી છું

નવીદિલ્હી, જાપાનના પૂર્વ પીએમ શિંજો આબેના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુ:ખ વ્યક્ત કર્યું છે. શિંજો આબેના નિધનથી માત્ર જાપાનમાં જ નહીં પરંતુ ભારતમાં પણ શોકની લહેર ફરી વળી છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે મારા સૌથી વ્હાલા મિત્રોમાંથી એક શિંજો આબેના દુખદ નિધન પર સ્તબ્ધ અને દુ:ખી છું. તેઓ એક મહાન વૈશ્વિક રાજનેતા, એક ઉત્કૃષ્ટ નેતા અને એક ઉલ્લેખનીય પ્રશાસક હતા. તેમણે જાપાન અને દુનિયાને એક સારી જગ્યા બનાવવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધુ. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે હું તેમને છેલ્લે મળ્યો ત્યારે ખબર નહતી કે આ મારી તેમની સાથે છેલ્લી મુલાકાત હશે.

પીએમ મોદીએ એક પછી એક ટ્વીટ કરીને પોતાની પીડા વ્યક્ત કરતા કહ્યું કે શિંજો આબે સાથે મારું જોડાણ અનેક વર્ષો જૂનું છે. હું ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મારા કાર્યકાળ દરમિયાનથી તેમને જાણતો હતો અને પીએમ બન્યા બાદ પણ અમારી મિત્રતા ચાલુ રહી. અર્થવ્યવસ્થા અને વૈશ્વિક મામલાઓ પર તેમની તીક્ષ્ણ આંતરદષ્ટિએ હંમેશા મારા પર ઊંડી છાપ છોડી.



પીએમ મોદીએ લખ્યું કે મારી હાલની જાપાન મુલાકાત દરમયાન મને આબેને ફરીથી મળવાનો અને અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવાનો અવસર મળ્યો. તેઓ હંમેશાથી મજાકિયા અને સમજદાર હતા. મને શું ખબર કે આ અમારી છેલ્લી મુલાકાત હશે. તેમના પરિવાર અને જાપાનના લોકો પ્રત્યે મારી હાર્દિક સંવેદના.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે શિંજો આબે ભારત-જાપાનના સંબંધોને એક વિશેષ રણનીતિક અને વૈશ્વિક ભાગીદારીના સ્તર સુધી લઈ જવામાં ખુબ યોગદાન આપ્યું. આજે સમગ્ર ભારત જાપાનની સાથે શોક મનાવી રહ્યુ છે અને અમે આ કપરી પળોમાં અમારા જાપાની ભાઈ બહેનોની સાથે એકજૂથતાથી ઊભા છીએ.

જાપાનના પૂર્વ પીએમ શિંજો આબેના નિધન પર પીએમ મોદીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને તેમણે ટ્વીટ કરીને કહ્યું છે કે આબેના નિધન પર તેમના સન્માનમાં ૯ જુલાઈના રોજ ભારતમાં એક દિવસનો રાષ્ટ્રીય શોક રહેશે આ અગાઉ પણ જ્યારે શિંજો આબે પર હુમલાના સમાચાર આવ્યા હતા ત્યારે પીએમ મોદી સહિત દુનિયાભરના નેતાઓની પ્રતિક્રિયા સામે આવી હતી.

અત્રે જણાવવાનું કે જાપાનના પૂર્વ પીએમ શિંજો આબે પર એક ચૂંટણી પ્રચાર કાર્યક્રમ દરમિયાન શુક્રવારે ગોળી માર્યા બાદ નિધન થઈ ગયું. સરકારી પ્રસારણકર્તા એનએચકેએ આ જાણકારી આપી. ૬૭ વર્ષના આબે પર પશ્ચિમ જાપાનના નારા શહેરમાં ભાષણ શરૂ કર્યાની ગણતરીની મિનિટોમાં ફાયરિંગ થયું હતું. તેમને તરત વિમાનથી હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ત્યારે તેમના શ્વાસ ચાલતા નહતા અને હદયના ધબકારા પણ બંધ થઈ ગયા હતા. હોસ્પિટલમાં લઈ જવાયા બાદ સારવાર દરમિયાન તેમનું નિધન થયું. શિંજો આબે પર હુમલો કરનારા હુમલાખોરની ઓળખ ૪૧ વર્ષના યામાગામી તેત્સુયા તરીકે થઈ છે. તે સેલ્ફ ડિફેન્સ ફોર્સનો સભ્ય હોવાનું કહેવાય છે. તેણે શોટગનથી હુમલો કર્યો હતો. ગોળી વાગ્યા બાદ શિંજો આબેને હાર્ટ એટેક પણ આવી ગયો હતો.

# આબે શિન્ઝોના નિધન પર મોદી સહિત અનેક નેતાઓએ દુ:ખ વ્યકત કર્યું

નવીદિલ્હી, જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેને નારા શહેરમાં જાહેર સભાને સંબોધિત કરતી વખતે ગોળી મારી દેવામાં આવી હતી. પાછળ ઉભેલા એક વ્યક્તિએ અચાનક તેના પર હુમલો કર્યો. જે બાદ શિન્ઝો આબે નીચે પડી ગયા હતા અને તેમનો સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં જયાં તેમનું નિધન થયુ હતું આ ઘટનાનો લઈ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વિટ કરી સંવેદના પ્રગટ કરી હતી. આ સાથે અમેરિકા વતી રાજદૂત રામ ઈમેન્યુઅલે પણ સમગ્ર ઘટનાને લઈ ટ્વિટ કર્યુ છે.


ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શિન્ઝો આબેની મિત્રતા જાણીતી છે. આબે પર હુમલા બાદ પીએમ મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, મારા પ્રિય મિત્ર આબે શિન્ઝો પર થયેલા હુમલાથી ખૂબ જ દુ:ખી છું.મેં મારા મિત્રને ગુમાવ્યો છું ભારતમાં એક દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી,પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પણ શિન્ઝો પર થયેલા હુમલાની ઘટના અંગે દુખની લાગણી વ્યકત કરી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકાના સુખસરમાં બંધ મકાનોને નિશાન બનાવતા તસ્કરો : ત્રણ મકાનોમાં ચોરી

- સુખસરના સંતરામપુર રોડ ઉપર સાઈ નગર સોસાયટીમાં જી.આર.ડી, હોમગાર્ડના પોઈન્ટની આસપાસમાં બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો ચોરી કરી ગયા !
- તસ્કરો રોકડ સહિત સોનાના દાગીના મળી ત્રણ મકાનોમાં કુલ ૪.૫૦ લાખ રૂપિયાની ચોરી કરી ચોર લોકો પલાયન થયા હોવાની ભોગ બનેલા રહીશોની કેફિયત.



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ ૨૪ કલાક વાહનોથી ધમધમતા હાઈવે માર્ગની બાજુમાં જ્યાં રાત્રી સમય દરમ્યાન હોમગાર્ડ તથા જીઆરડીનો પોઈન્ટ મૂકવામાં આવેલ છે તેની સામે,પાછળ તથા બાજુમાં આવેલ એક કરિયાણાની દુકાન તથા બે રહેણાંક બંધ મકાનોમાં જાણભેદુ તસ્કરોએ ગતરાત્રિના મકાન તથા દુકાનના તાળાં તોડી મકાનમાં સહિત દુકાનમાં પ્રવેશ કરી કરિયાણાના સામાન સહિત રોકડ અને સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૪.૫૦ લાખની મતાની અજાણ્યા ચોર લોકો ચોરી કરી ગયા હોવાની ચોરીનો ભોગ બનેલા રહીશો દ્વારા જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે સંતરામપુર હાઈવે માર્ગ ઉપર આવેલ સાંઈનગર સોસાયટીમાં ગતરાત્રિના ત્રણ જગ્યાએ ચોરી થવા પામેલ હોવાનું જાણવા મળે છે. તેમાં મૂળ પાટડીયાના વતની અને સુખસરના સંતરામપુર હાઈવે માર્ગ ઉપર પોતાની દુકાન તથા રહેણાંક મકાન ધરાવે છે. સાઈનગર સોસાયટીની સામે રહેતા ભુપેન્દ્રભાઈ મોતીલાલ કલાલ નાઓ કરિયાણાની દુકાન ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. જેઓ દિવસ દરમિયાન વેપાર ધંધો કર્યા બાદ રાત્રિના સમયે દુકાન બંધ કરી વતન પાટડીયા ગામે જાય છે. જેઓ ગુરૂવારના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં પોતાની દુકાન બંધ કરી જતા રહ્યા હતા. જ્યારે રાત્રિના સમયે તાળા તોડી અજાણ્યા ચોર લોકો દુકાનમાં પ્રવેશ્યા હતા.અને દુકાનમાંથી એક તેલનો ડબ્બો તથા રોકડ પરચુરણ રૂા.૧,૫૦૦ સહિત એક એક લીટરના તેલના પાઉચો તેમ તેમજ વિમલ તથા મસાલાના પેકિંગો ચોર લોકો ચોરી ગયા હતા. જેમાં દુકાનમાંથી ૧૫ હજાર ઉપરાંતની ચોર લોકો ચોરી કરી ગયા હોવાનું જાણવા મળે છે.

જ્યારે ચંદન કુમાર શાંતિલાલ જીનગર સુખસરના સુખસરેશ્વર મહાદેવજી મંદિર સામે કાપડની દુકાન ધરાવે છે. જેઓ ૨૪ કલાક વાહનોથી ધમધમતા સંતરામપુર હાઈવે માર્ગ રોડ ઉપર આવેલ સાઈનગર સોસાયટીમાં પોતાનું રહેણાંક મકાન ધરાવે છે.અને તેઓ ત્યાં જ રહે છે. પરંતુ કોઈ કારણોસર ગતરોજ તેમના બીજા મકાન ઉપર રાત્રિના સમયે ઊંઘવા માટે ગયા હતા. તે દરમિયાન સાઈનગર સોસાયટી વાળા મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું અને મકાનના કાળા તોડી મકાનની અંદર પ્રવેશ કરી તિજોરી વિગેરેની તોડફોડ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨.૫૦ લાખ જ્યારે કબાટની તોડફોડ કરી તેમાંથી રૂપિયા ૧૫ હજાર રોકડા સહિત ત્રણ તોલા સોનાના દાગીનાની ચોર લોકો ચોરી કરી ગયા હોવાનું ચંદનકુમાર જીનગર દ્વારા જાણવા મળ્યું હતું.

તેમજ બાજુમાં આવેલ પ્રવીણભાઈ ભીખાભાઈ સંગાડા સાઈ નગર સોસાયટીની બાજુમાં પોતાનું મકાન ધરાવે છે. જેઓ હાલ બહારગામ મજૂરી કામે ગયેલા છે. જ્યારે બે નાના છોકરાઓ ઘરે રહે છે. જેઓ રાત્રિના સમયે મકાનને તાળું મારી બાજુમાં રહેતા તેમના કાકાના ઘરે ઊંઘવા માટે જતા રહે છે. જેનો ગેરલાભ ઉઠાવી કોઈ જાણ ભેદુ તસ્કરો દ્વારા ગત રાત્રીના પ્રવીણભાઈ સંગાડાના મકાનને નિશાન બનાવી ચોર લોકોએ તાળું તોડી મકાનની અંદર પ્રવેશ્યા હતા અને રોકડ તથા એક પિત્તળનું બેઢુ ચોર લોકો ચોરી કરી ગયા હોવાનું જાણવા મળે છે. આમ,ગત રાત્રિના સુખસર સાંઈ નગર સોસાયટીમા તસ્કરોએ ત્રણ મકાનોને નિશાન બનાવી કુલ રૂપિયા ૪.૫૦ લાખની માલમત્તાની ચોરી કરી ગયા હોવાનું જાણવા મળે છે ચોરીનો ભોગ બનેલા રહીશો દ્વારા રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું હતું.

અહીંયા નોંધનીય બાબત એ પણ છે કે,સુખસરમાં જ્યારે–જ્યારે સુખસરમાં નાની–મોટી ચોરીના બનાવો બને છે. તે જ્યાં રાત્રિ સમયે હોમગાર્ડ/જીઆરડીનો પોઈન્ટ હોય તેની આસપાસ માંથી ચોરી થવાના બનાવો આગાઉ પણ બની ચૂક્યા છે. જ્યારે હાલમાં પણ ચોરી થઈ છે. તેમાં હોમગાર્ડ/જીઆરજીના પોઈન્ટથી બરાબર સામે આશરે ૧૦૦ ફૂટના અંતરે જ્યારે રહેણાંક મકાન ૫૦ ફૂટના અંતરે તેમજ બાજુમાં ૨૫ મીટરના અંતરે ચોરીનો બનાવ બનવા પામેલ છે. ત્યારે રાત્રિ ફરજ બજાવતા હોમગાર્ડ જીઆરડીના જવાનો પોઈન્ટ ઉપર હાજર રહે છે કે કેમ?કે પછી રાત્રી સમયે આસપાસની જાનમાલ મિલકતનું રક્ષણ કરવાના બદલે ઊંઘી જાય છે? જો હોમગાર્ડ જીઆરડી પોતાની ફરજ પ્રત્યે બેદરકાર રહેતા હોય તો રાત્રી સમયે પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવે છે કે કેમ? તે પણ એક સવાલ છે !

## ફતેપુરાના કંકાસીયા ગામે કરીયાણાના દુકાનદારે પરણિતા ઉપર નજર બગાડી સોશ્યલ મીડીયા ઉપર બિભત્સ માંગણી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કંકાસીયા ગામે એક કરિયાણાના દુકાનદાર દ્વારા એક પરણિતા જ્યારે તેની દુકાને ખરીદી માટે જતી હોય ત્યારે અવાર નવાર પરણિતાને ખરાબ નજરે જોઈ પરણિતાના સોશીયલ મીડીયાના એકાઉન્ટમાં બિભિત્સ માંગણી કરી, પરણિતાને હેરાન પરેશાન કરી પોલીસમાં ફરિયાદ આપીશ તો મારી નાંખીશ જેવી ધમકીઓ આપતાં પરણિતા દ્વારા દુકાનદાર વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


ફતેપુરા નગરમાં બલૈયા રોડ ખાતે રહેતો અને ફતેપુરા તાલુકાના કંકાસીયા ગામે કરિયાણાની દુકાન ધરાવતો સુમીતકુમાર મહેન્દ્રભાઈ અગ્રવાલ દ્વારા ફતેપુરા તાલુકામાં રહેતી એક ૨૦ વર્ષીય પરણિતા જ્યારે સુમીતકુમારની દુકાન ખરીદી માટે જતી હોય ત્યારે સુમીતકુમાર પરણિતાને ખરાબ નજેર જોતો હતો અને પોતાના મોબાઈલ ફોન મારફતે પરણિતાને ઈસ્ટાગ્રામથી વિડીયો, ઓડિયોકોલ અને મેસેજ કરી, તમને મેસેજ કરૂં તો કોઈ પ્રોબલેમ નહીને, ફ્રેન્ડશીપ કરી શકો છો, કેમ કે તમે મને ખુબ સારા લાગો છો, તમારો નંબર સેન્ડ કરો, પરણિતાને તેમ કહી હેરાન પરેશાન કરતો હતો અને સંબંધ બાંધવા માટે પરણિતાને દબાણ પણ કરતો હતો. પરણિતાને પ્રેમજાળમાં ફસાવવા બિભિત્સ માંગણી કરતો હતો અને સુમીતકુમાર દ્વારા જો પોલીસમાં ફરિયાદ આપીશ તો મારી નાંખીશ જેવી ધમકીઓ પરણિતાને આપતાં આ સંબંધે પરણિતાએ ફતેપુરા પોલીસ મથકે સુમીતકુમાર મહેન્દ્રભાઈ અગ્રવાલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ બેંક ઓફ બરોડા સામે ૧૦ લાખ ઉપાડી થેલીમાં બાઈક ઉપર રાખેલ થેલીની ચોરી કરી જતાં ખળભળાટ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં બેન્ક ઓફ બરોડા બ્રાન્ચ નજીક ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક વ્યકિત બેંન્કમાંથી રોકડા રૂપીયા ૧૦ લાખની મોટરસાઈકલ પરથી પ્લાસ્ટીકની થેલી નજર ચુકવી અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ગત તા.૦૭મી જુલાઈના રોજ ઝાલોદ તાલાના પેથાપુર ગામે સરકારી દવાખાના પાસે રહેતાં રમેશભાઈ માધવસિંહ નાયક ઝાલોદ નગરમાં આવેલ બેંન્ક ઓફ બરોડાની શાખામાંથી રોકડા રૂપીયા ૧૦ લાખ લઈ પ્લાસ્ટીકની થેલીમાં આ રોકડા રૂપીયા ભરી પોતાની મોટરસાઈકલની ડીકીમાં (ચેઈનવાળા થેલામાં) મુકી રાખ્યાં હતાં અને કેનમાં ડીઝલ ભરાવવા તથા મોટરસાઈકલમાં પેટ્રોલ ભરાવવા નજીકના પેટ્રોલ પંપ ઉપર ગયાં હતા. તે સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલની ચેનવાળી ડીકીમાંથી રોકડા રૂપીયા ભરેલ ૧૦ લાખની પ્લાસ્ટીકની થેલી રમેશભાઈની નજર ચુકવી ચોરી કરી લઈ નાસી જતાં થોડીવાર બાદ રમેશભાઈએ ડીકીમાં પૈસાની ચકાસણી કરતાં પૈસાની થેલી ન જોવાતાં સ્થળ ઉપર ઉહાપોહ મચી જવા પામ્યો હતો. આસપાસમાં તપાસ કરતાં ચોર ઈસમો નજરે પડ્યાં ન હતાં અને આ સંબંધે રમેશભાઈ માધવસિંહ નાયકે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુમનો નોંધી ગુન્હાની ગંભીરતાને દયાનમાં લઈ આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજોની ચકાસણી હાથ ધરી છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

**ફતેપુરા તાલુકા આરોગ્ય ખાતા દ્વારા ડેન્ગ્યુ જેવી જીવલેણ બીમારીની સાવચેતી અંગે કરોડિયા પૂર્વ ગામે સર્વે હાથ ધરાયો. આરોગ્ય વિભાગ દ્વારા એન્ટી લાર્વલ કામગીરી હાથ ધરાઈ. મલેરિયા, ડેન્ગ્યુ ના શંકાસ્પદ પાણીના ભરેલા બેરલ અને ટાયર જેવી વસ્તુઓ ખાલી કરવામાં આવી અને ટેમીફોશ દવા નાખવામાં આવી. જેમાં આરોગ્ય વિભાગના એમ.પી.એચ.ડબ્લ્યુ હીમાંસુભાઈ, લલિતભાઈ, સુભાષભાઈએ હાજર રહી કામગીરી હાથ ધરી.**

## દે.બારીયાના પંચેલાવ ગામે ૨૬ વર્ષીય પરણિતાએ કુવામાં પડી આપઘાત કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પંચેલા ગામે એક ૨૬ વર્ષીય પરણિતાએ અગમ્યકારણોસર ગામમાં આવેલ કુવામાં ઝંપલાવતાં પરણિતાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ગત તા.૭મી જુલાઈના રોજ પંચેલા ગામે રહેતાં ૨૬ વર્ષીય પરણિતા પીનલબેન રાજેન્દ્ર ઉર્ફે પીન્કેશભાઈ ભરવાડે અગમ્યકારણોસર ગામમાં આવેલ એક કુવામાં ઝંપલાવતાં પીનલબેનનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પરિવારજનો તેમજ ગ્રામજનોને થતાં ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ મૃતક પીનલબેનના મૃતદેહને કુવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યાં હતાં.

આ સંબંધે દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના જેતપુર (દુ) ગામે લાડપુર ફળિયામાં રહેતાં ભરતભાઈ હિરાભાઈ ભરવાડે પીપલોદ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે આ સંબંધે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં કોંગ્રેસ મહિલા સમિતિ દ્વારા ગેસ અને તેલના ભાવનો વિરોધ પ્રદર્શન કર્યું




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વધતાં રાંધણ ગેસ તેમજ ખાદ્ય તેલના ભાવ વધારાને લઈ દાહોદ શહેરમાં દાહોદ કોંગ્રેસ મહિલા સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરી સરકાર વિરોધી સુત્રોચ્ચારો પોકાર્યા હતાં.

દેશમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ કુદકેને ભુસકે વધી રહ્યાં છે. શાકભાજી, પેટ્રોલ, ડીઝલ, અનાજ, રાંધણ ગેસ, ખાદ્ય તેલ વિગેરેના ભાવોમાં ઘરખમ વધારો નોંધાંતા ગૃહિણીઓના બજેટ ખોરવાયાં છે. ત્યારે દાહોદ શહેરમાં આજરોજ દાહોદ કોંગ્રેસ મહિલા સમિતીની બહેનો દ્વારા દાહોદ શહેરમાં આજરોજ રાંધણ ગેસના વધતાં ભાવોના વિરોધમાં હાથમાં વિવિધ બેનરો લઈ સરકાર વિરોધી સુત્રોચ્ચારો પોકારી વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. રાંધણ ગેસ તેમજ ખાદ્ય તેલના ભાવોમાં ઘટાડો કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દાહોદ કોંગ્રેસ સમિતીની મહિલા આગેવાનો તેમજ કાર્યકર્તા બહેનો હાજર રહ્યાં હતાં.

## દાહોદ જિલ્લામાં આગામી તા. ૧૨ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી

દાહોદ,

ભારતના હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરાઈ છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ તા. ૮ જુલાઈ થી તા. ૧૨ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરાઈ છે. જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. જેના કારણે જિલ્લાના ડેમ, નદી, નાળા, તળાવો ઓવરફ્લો થવાની શકયતાઓ રહેલી છે. ગત વર્ષોમાં લોકો દ્વારા ખોટા સાહસ કરી પાણીમાં નાહવા પડવાથી પાણીમાં ડૂબી જવા તથા વરસાદી પાણીના પ્રવાહમાંથી પસાર થવા જોખમી પ્રયાસ કરવાના કારણે તણાઈ જવાના કારણે માનવમૃત્યુના બનાવો બન્યા છે. આ ઉપરાંત આકાશી વીજળી પડવાના કારણે પણ માનવ તેમજ પશુ મૃત્યુના બનાવો બન્યા છે.

આ અનુસંધાને દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરાઈ છે કે, વરસાદની ઋતુમાં લોકોએ પાણી ભરાયા હોય તેવા સ્થળે પ્રવેશ કરવો નહી. નાહવા પડવું નહી. બાળકોને પણ આવા પાણીથી દૂર રાખવા તથા બિનજરૂરી સાહસ કરી પાણીના પ્રવાહમાં વાહનો સાથે કે ચાલીને પસાર થવું નહી.

આકાશી વીજળીથી બચવા માટે ભારતના હવામાન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ દામીની એપ મોબાઈલમાં પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી આપના વિસ્તારમાં વીજળી પડવા/થવાની શકયતાઓ અંગે અગાઉથી જાણકારી મળી રહેશે.

ભારે વરસાદ, પુર, ચોમાસા દરમિયાન કોઈ અઘટિત બનાવ બને તો તાત્કાલિક જે તે તાલુકાના મામલતદાર કચેરીના કંટ્રોલ રૂમ ખાતે અથવા જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમ ખાતે ફોન નંબર ૦૨૬૭૩–૨૩૯૨૭૭, ૦૨૬૭૩–૨૩૯૧૨૩ અને ૦૨૬૭૩–૨૩૯૦૮૦ ઉપર તુરંત જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. હાલની વર્ષાઋતુમાં લોકોને સાવચેતીના પગલા લઈ પોતાનું જીવન સુરક્ષિત બનાવવા જિલ્લા વહીવટી તંત્ર તરફથી અપીલ કરાઈ છે. નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરે એક યાદીમાં જણાવ્યું છે.

## દે.બારીયના જંબુસર પ્રા.શાળાના શિક્ષકે બીજેપીનો ખેસ ધારણ કરતાં ગ્રામજનો દ્વારા કાયદેસર કાર્યવાહી માટે DDOને રજુઆત



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના જંબુસર ગામે પ્રાથમીક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં એક શિક્ષકે ભાજપાનો ખેંસ ધારણ કરી લેતાં આ સંબંધે ગ્રામજનો દ્વારા શિક્ષક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

દેવગઢ બારીઆ તાલુકાના જંબુસર ગામના ગ્રામજનો દ્વારા દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને ફ્ટઆપવામાં આવેલ આવેનદનપત્રમાં જણાવ્યાં અનુસાર, જંબુસર પ્રાથમીક શાળામાં ફરજ બજાવતાં શિક્ષક કોલચા બાબુભાઈ નવજીભાઈ તા. ૦૫મી જુલાઈ ૨૦૨૨ના રોજ ખોટી રજા મુકી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર બનવા માટે ગાંધીનગર સી.આર. પાટીલની કમલમ ઓફિસમાં ખેસ, ટોપી પહેરી રાજકીય હાથો બનવામાં રસ ધરાવતાં હોય તો ગામના બાળકોનું ભવિષ્ય જોખમમાં મુકી પોતાની મરજી પડે તેમ શાળામાં આવે અને વારંવાર આવુ કૃત્ય કર્યા કરતાં હોવાના આક્ષેપો ગ્રામજનોએ કર્યાં હતાં. વધુમાં ગ્રામજનોના જણાવ્યાં અનુસાર, આ શિક્ષકને સસ્પેન્ડ કરી જિલ્લા બહાર ડી.ઓ. કરી તેમનું એગ્રીમેન્ટ બંધ કરવા તથા તેની વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે ગ્રામજનો દ્વારા દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર સાથે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધીનગર મુખ્ય મંત્રીના બંગલા સામે ભુખ હડતાળ ઉપર ઉતરવાની ચીમકી પણ ગ્રામજનોએ ઉચ્ચારી હતી.

## દાહોદની સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓને સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ વિશે માહિતગાર કરાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ લિમિટેડે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અવેરનેશનું આયોજન સરકારી ઈજનેરી કોલેજ દાહોદ ખાતે કર્યું હતું. સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ લિમિટેડના દાહોદ સ્માર્ટ સીટીના સીઈઓ પ્રશસ્તિ પારિકે વિદ્યાર્થીઓને સ્માર્ટ સિટીમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ વિશે માહિતગાર કર્યા હતા. સીઈઓ પારિકે વિદ્યાર્થીઓને આ ક્ષેત્રે રહેલી તકો અને શક્યતાઓ વિશે વિગતે વાત કરી હતી. કાર્યક્રમના અંતે દાહોદ સ્માર્ટ સીટીના સીઈઓ, નગર પાલિકા કાઉન્સેલર અને કાયદા સમિતિના ચેરમેન રંજનબેન રાજહંસ, આચાર્ય પી.બી. ટેલર, સ્માર્ટ સિટી દાહોદના કર્મયોગીઓની ટીમ, સરકારી ઈજનેરી કોલેજ દાહોદના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સંસ્થાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. ગત રોજ યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા "વંદે ગુજરાત" વિકાસ યાત્રા કાર્યક્રમમાં ગ્રાહક જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું

દાહોદ,

ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા તા.૦૭–૦૭–૨૦૨૨ ગુરૂવારના રોજ "વંદે ગુજરાત" વિકાસ યાત્રા કાર્યક્રમમાં દાહોદ તાલુકાના ખરોડ ગ્રામે ગ્રાહક જાગૃતિ અભિયાન હેઠળ ગ્રાહક જાગૃતિ અંગેના હેન્ડબિલ, ગ્રાહક જાગૃતિ અંગેની પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. ખેડૂત પણ ગ્રાહક છે.

ખેડૂત ખેતીના કામમાં છેતરાય નહીં, બિયારણ, ખાતર, ખેતીના સાધનો, ખેતીની દવાઓ વિગેરેમાં છેતરાય તો શું કરવું જોઈએ? ગ્રાહક ગ્રાહક કોને કહેવાય? ગ્રાહક સુરક્ષા ધારો વિગેરે બાબતોની વ્યકિતગત સમજૂતી પણ ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના પ્રતિનિધિ સંજય ડામોર અને અગ્રેશ પંચાલે સમજૂતી આપી હતી. આ પ્રસંગે ખરોડના સરપંચ રસુલભાઈ ભોહા, તાલુકા પંચાયત સભ્ય સેજલબેન ભોહા, જિલ્લા પંચાયત સભ્ય શૈલેષભાઈ નીનામા, કમોદીબેન ડુંગરા સરપંચ, પ્રાંત અધિકારી ગણેશા, મામલતદાર મિશ્રા, તાલુકા વિકાસ અધિકારી વસાવા, તાલુકા આરોગ્ય અધિકારી બામણીયા, નાયબ કાર્યપાલક ઈજની ચૌધરી તેમજ જિલ્લા પંચાયત વિસ્તારના મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

સાંજના સમયે મોટીસારસી ગામે "વંદે ગુજરાત" વિકાસ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના પ્રતિનિધિ ડો.રાજુભાઈ ભુરીયા અને કાર્યાલય મંત્રી લક્ષ્મણભાઈ ભાટિયાએ ગ્રાહક જાગૃતિ અંગેના હેન્ડબિલ વિતરણ કરી ગ્રાહક જાગૃતિ અભિયાન સફળ બનાવ્યું હતું.

## દે.બારીયાના સેવનીયા ગામે ફોરવ્હીલ ગાડીમાં લઈ જવાતો ૪.૯૪ લાખના વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સેવનીયા ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક મહિન્દ્રા ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો રૂા. ૪,૯૪,૩૮૮ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૭,૯૪,૩૮૮નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે પોલીસને ચકમો આપી ગાડીનો ચાલક નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૭મી જુલાઈના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆ તાલુકાના સેવનીયા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક મહિન્દ્રા ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે દુરથી પોલીસની નાકાબંધી જોઈ ગાડીનો ચાલક પીરજાદા અસફાક હુસેન ફકરૂદ્દીન (રહે. પંચમહાલ)નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૧૧૧૬ કિંમત રૂા. ૪,૯૪,૩૮૮ અને ગાડીની કિંમત મળી કુલ રૂા. ૭,૯૪,૩૮૮નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ફરાર ગાડીના ચાલક વિરૂધ્ધ દાહોદ એલ.સી.બી. પોલીસે સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડા તાલુકાના અભલોડમાં નાબાર્ડના સીજીઓના હસ્તે હાટ બજારની શુભ શરૂઆત કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

સ્થાનિક કક્ષાએ લોકોને રોજગારી મળી રહે તેમ જ જીવન જરૂરિયાતની વસ્તુઓ વહેંચી અને ખરીદી શકાય માટે હાટ બજાર ની શરૂઆત કરાઈ.

ગરબાડા તાલુકાના આભલોડ ગામે હાટ બજારની શરૂઆત કરવામાં આવી. જેમાં નાબાર્ડ દ્વારા શરૂ કરાયેલ નવીનહાટ બજારમાં શાકભાજી વેચવા માટેના શેડ પણ બનાવવામાં આવ્યા. અભલોડની ખેડા ગ્રામ પંચાયતમાં આવેલ મંદિર પાછળ નાબાર્ડ ના સહયોગથી શાકભાજીના શેડ બનાવવામાં આવ્યા હતા. જેનું ઉદઘાટન તારીખ ૮ ના નાબાર્ડના સીઈઓ જ્ઞાનેન્દ્ર માંનીના હસ્તે કરવામાં આવ્યું હતું. હવેથી દર મંગળવારે અન્ય ગામોની જેમ અભલોડ ગામે પણ હાટ બજાર ભરાશે. જેમાં આજુબાજુના ગામોના લોકોને આ હાટ બજારનો લાભ થશે. હાટ બજાર ની શરૂઆત કરવા માટે તાલુકા પંચાયત સભ્ય મયુર ભાભોર દ્વારા લોકોની માંગણીને દયાનમાં રાખી તેના પ્રયત્ન થી શરૂ કરવામાં આવ્યું. આ પ્રસંગે પી.ડી.સી બેંકના સી.ઈ.ઓ રસેશ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ, તાલુકા પંચાયતના પ્રમુખના મનિષાબેન ગણાવા સહિત આજુબાજુના ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.269

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર

# જાંબુઘોડા ૪ ઈંચ, મોરવા(હ) ૩ ઈંચ, શહેરામાં ૩ ઈંચ, વરસાદ પડ્યો

## હાઈવે માર્ગ ઉપર પાણી ભરાતા તંત્રની પ્રિ-મોન્સુનની કામગીરીની પોલ ખુલી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગર અને તાલુકામાં પાછલા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો હતો. જ્યારે શુક્રવારના રોજ પણ મેઘરાજા મન ભરીને વરસતા બે ઈંચ વરસાદ થવા સાથે અણીયાદ ચોકડી પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર વરસાદી પાણી ભરાઈ જતા સબંધિત તંત્રની પ્રિ મોન્સુન કામગીરી ની પોલ ખુલી ગઈ હતી. તાલુકાના સાદરા ગામમાં ૧૫ વર્ષીય બાળક પર વિજળી પડતા મોત નિપજ્યું હતું અને ડેમલી ગામમાં ભારે વરસાદના કારણે મકાનની છત ધરસાઈ થતા એક પરિવારનો આબાદ બચાવ થયો હતો.

શહેરા તાલુકા પંથકમાં વરસાદ ખેંચાતા ધરતી પુત્રો ભારે ચિંતીત થઈ ઉઠ્યા હતા. જ્યારે ગુરૂવાર અને શુક્રવારના રોજ વરસાદી માહોલ જામવા સાથે મેઘરાજા મન ભરીને વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

| જીલ્લામાં નોંધાયેલ વરસાદ.. |
|---|
| ગોધરા – ૧૦ મી.મી. |
| કાલોલ – ૦૭ મી.મી. |
| હાલોલ – ૧૦ મી.મી. |
| મોરવા(હ) – ૬૦ મી.મી. |
| શહેરા – ૭૨ મી.મી. |
| ઘોઘંબા – ૦૪ મી.મી. |
| જાંબુઘોડા – ૯૦ મી.મી. |

તાલુકા પંથકમાં શુક્રવારના રોજ પણ મેઘરાજા મન ભરીને વરસતા બે ઈંચ વરસાદ થતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાંથી પસાર થતા દિલ્હી–બોમ્બે હાઈવે માર્ગ ઉપર પાણી ભરાઈ જતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી હતી. આ હાઈવે માર્ગ ઉપર દર વર્ષે ચોમાસાની સિઝનમાં સામાન્ય વરસાદ પડે તો પણ વરસાદી પાણી ભરાઈ જતા હોય તેમ છતાં એલ એન્ડ ટી કંપની અને સંબંધિત તંત્ર દ્વારા આ બાબતે કોઈ ગંભીરતા લેવામાં નહી આવતા શાન્તા કુંજ સોસાયટીના રહીશો નો આક્રોશ જોવા મળી રહયો હતો. જ્યારે વીજળીના કડાકા ભડાકા સાથે વરસી રહેલા વરસાદથી તાલુકાના સાદરા ગામના ટીંબાના મુવાડા વિસ્તારમાં રહેતા ૧૫ વર્ષીય કિશોર હર્ષદ માછી પોતાના ખેતરમાંથી ઘરે પરત જઈ રહયો હતો. ત્યારે તેના પર વીજળી પડતા તેનું મોત નિપજ્યું હતું. બીજી તરફ ડેમલી ગામમાં પણ ભારે વરસાદના કારણે મકાનની છત ધરાસાઈ થઈ જતા કોઈ જાનહાનિ ન થવા સાથે એક પરીવારનો આબાદ બચાવ થયો હતો. તાલુકા વિસ્તારમાં બે દિવસમાં ખેતીલાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

## ગોધરાના રણછોડજી મંદિર પાસે વાસણની દુકાન ઉપર આકાશી વિજળી ત્રાટકતાં બે દુકાનમાં આગ લાગી

ગોધરા શહેરના રણછોડજી મંદિરની બાજુમાં બપોરના સમયે ગાજવીજ અને કડાકા સાથે વરસાદ થયો આકાશી વિજળી વાસણની દુકાન ઉપર પડતાં બે દુકાનોમાં આગ લાગતા ફાયર ફાયટરોએ આગ ઉપર કાબુ મેળવ્યો સદ્દનસીબે જાનહાનિ થવા પામી ન હતી.



ગોધરા શહેરમાં બપોરના સમયે ગાજવીજ સાથે મેઘરાજાએ એન્ટ્રી કરી હતી. વિજળીના કડાકા થી શહેર ગુંજી ઉઠ્યું હતું અને શહેરના રણછોડજી મંદિરની બાજુમાં આવેલ વાસણની દુકાન ઉપર આકાશી વિજળી ત્રાટકતા દુકાનમાં આગ લાગી હતી. આકાશી વિજળીને લઈ બે દુકાનમાં આગ લાગતાં પાલિકા ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આકાશી વિજળી પડવાથી આસપાસના લોકોમાં ડર જોવા મળ્યો હતો. સદ્દનસીબે આકાશી વિજળી પડવાને લઈ કોઈ જાનહાનિ થવા પામી નથી.

## પંચમહાલ જીલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં આજરોજ ધમાકેદાર મેઘરાજાની એન્ટ્રી થતાં ધરતીપુત્રોમાં આનંદ જોવામાં મળ્યો.

પંચમહાલ જીલ્લામાં લાંબા સમય થી વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ નહિ વરસતા લોકો બફારાને લઈ પરેશાન થઈ રહ્યા હતા અને મેઘરાજા મહેર કરે લેવી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. ત્યારે વહેલી સવાર થી મેઘરાજાએ જીલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. જેમાં જાંબુઘોડા તાલુકામાં ૪ ઈંચ જેટલા વરસાદ ખાબકો હતો. જયારે મોરવા(હ) અને શહેરા તાલુકામાં અઢી ઈંચ વરસાદ પડયો હતો. જીલ્લામાં મેઘરાજાની મહેર થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

- સાદરા ગામમાં વીજળી પડતા ૧૫ વર્ષના બાળકનું મોત.
- ખેતીલાયક વરસાદ થતાં જગતનો ખુશ ખુશાલ થયો.

## શહેરાના ખટકપુર ગામના મહુડી ફળીયામાં ખેતરમાં વાવેતરને લઈ મારામારી થતાં નાની મોટી ઈજાઓ

શહેરા,
શહેરા તાલુકાના ખંટકપુર ગામના મહુડી ફળીયામાં ખેતરમાં વાવેતર કરવાની લઈને બે કુટુંબ વચ્ચે ઝઘડો થતા છૂટા હાથની મારામારી સાથે ૬ થી વધુને શરીર નાની મોટી ઈજા થઈ હોવાથી રેફરલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. પોલીસ મથક ખાતે પગી રાજેશ એ સામાવાળા ભાથીભાઈ ઘમીર ખાંટ સહિત ૮ ના નામ જોગ ફરીયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ખંટકપુર ગામના મહુડી ફળિયામાં આવેલી જમીન સર્વે ૯૩/૨ માં રાજેશ મંગળભાઈ પગી પોતાના પિતા અને કાકા સહિતના કુટુંબીઓ સાથે ખેતરમાં વાવેતર કરવા ગયા હતા. ત્યારે તેજ ગામના એક સંપ બનાવીને આવેલા ભાથીભાઈ ખાંટ, લક્ષ્મણભાઈ ભાથીભાઈ ખાંટ, અર્જુનભાઈ નાથાભાઈ ખાંટ, ભલાભાઈ ફતાભાઈ ખાંટ તેમજ સોમાભાઈ નાથાભાઈ ખાંટ, નરસિંહભાઈ ભલાભાઈ ખાંટ સહિત અન્ય લોકો તમે ખેતરમાં કેમ વાવેતર કરો છો તેમ કહીને ઝગડો કરવા માંડ્યા હતા. જ્યારે રાજેશ મંગળ પગી એ આ જમીન અમારી છે. અમે વાવેતર કરીશું તેમ કહેતાની સાથે સામેવાળા ભાથીભાઈ સહિત આઠ જેટલા લોકો ગાળા ગાળી કરીને છૂટા હાથની મારા મારી કરવા સાથે લાકડી અને પાઈપ વડે માર મારવાનું શરૂ કરી દીધો હતો. જ્યારે ગુસ્સામાં આવીને લક્ષ્મણભાઈ ભાથીભાઈ ખાંટ એ હાથમાં રહેલ લાકડી રાજેશ પગીના કાકા ઉદાભાઈ કાળુભાઈ પગીના માથાના ભાગે મારી દેતા લોહી નિકળવાનું શરૂ થઈ ગયું હતું. ખેતરમાં વાવેતર કરવાના આ ઝગડામાં ઉદાભાઈ પગી, મંગળભાઈ પગી, બુનીબેન મંગળભાઈ પગી, લીલાબેન ઉદાભાઈ પગી, ભારત પગી, વિક્રમ પગી, રાજેશ પગી સહિતનાઓને શરીરે નાની મોટી ઈજા થતા તેઓ તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ દ્વારા તાલુકા મથક ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ ખાતે દાખલ થયા હતા. જ્યારે ઉદાભાઈ પગીને શરીરના માથાના ભાગે વધુ ઈજા થઈ હોવાથી તેમને વધુ સારવાર અર્થે ગોધરા રીફર કરવામાં આવ્યા હતા. ખંટકપુર ગામમાં ખેતરમાં વાવેતર કરવાની લઈને બે કુટુંબ વચ્ચે જે બબાલ થઈ હતી તે મામલો આખરે પોલીસ મથક ખાતે પહોંચવા સાથે રાજેશ મંગળભાઈ પગી એ તેના પિતા, કાકા અને કુટુંબીઓને માર મારનાર અને ઈજા પહોંચાડનાર સામે વાળા ભાથીભાઈ ઘમીરભાઈ ખાંટ, લક્ષ્મણ ખાંટ, સોમાભાઈ ખાંટ, પુનાભાઈ મોતીભાઈ ખાંટ સહિત આઠ વ્યક્તિઓ સામે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસએ કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

## શહેરાના હાંસેલાવ ગામે વરસાદી પાણીના નિકાલ માટે થયેલ ઝગડાની અદાવતે આરોપીઓએ મારામારી કરતાં ફરિયાદ

શહેરા,
શહેરા તાલુકાના હાંસેલાવ ગામે વરસાદી પાણીના નિકાલને માટે ઝગડો થયો હતો. તેની અદાવત રાખી આરોપીઓ ઝગડો તકરાર કરતા હોય આરોપીઓને ઝગડો ન કરવાનું કહેતા આરોપી ઈસમો દ્વારા લાકડી વડે માથાના ભાગે તેમજ ગડદાપાટુનો મારમારી ઈજાઓ કરતાં પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના હાંસેવાલ ગામે રહેતા ભુપતભાઈ ખાંટ સાથે વરસાદી પાણીના નિકાલને લઈ ઝગડો થયો હતો. આ ઝગડાની અદાવત રાખીને આરોપીઓ ભુપતભાઈ ખાંટ, શોભનાબેન, રંગીતભાઈ ખાંટ, સુરેખાબેન ઝગડો શરૂ કરી સ્વરૂપભાઈ ખાંટ તથા જશોદાબેન સાથે બોલાચાલી કરતા હોય જેને લઈ બળવંતભાઈ પર્વતભાઈ ખાંટ એ આરોપીઓને ઝગડો નહીં કરવા કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ બળવંતભાઈને હાથમાં રાખેલ લાકડી માથામાં મારી ઈજાઓ કરી તેમજ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના ફરોડ વળાંક પાસે એક વર્નાકાર ઘોઘંબામાં તરફ જઈ રહી હતી. તે દરમિયાન ભેંસ વચમાં આવીજતા કાર ભેંસ સાથે ટકરાતા ડ્રાઈવર સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતનો આવાજ સાંભળી આજુબાજુથી લોકો મદદ માટે દોડી આવ્યા હતાં. અકસ્માતમાં કારના બોયનેટ ભાગે નુકશાન પહોંચ્યું હતું. ભેંસ સાથે કાર તકરતા નીચે પડેલી ભેંસ ને ઈજાઓ પહોંચી હતી.

## પંચમહાલ અને મહિસાગર જીલ્લામાં સેલ્સ ટેક્સના બોગસ ચલણો બનાવી લાખો છેતરપિંડી કરનાર બે આરોપીના આગોતરા જામીન નામંજુર

ગોધરા,
સમગ્ર પંચમહાલ અને મહિસાગર જીલ્લામાં સેલ્સ ટેક્સના બોગસ ચલણો બનાવી અને લાખો રૂપિયાની વેપારીઓ સાથે છેતરપિંડી કરનારની આગોતરા જામીન અરજી નામંજૂર કરતી ગોધરા કોર્ટ.

સમગ્ર પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં સેલ્સ ટેક્સના બોગસ ચલણો બનાવી અને વેપારીઓ પાસેથી નાણાં ઉઘરાવી લઈ તે નાણાં સેલ્સ ટેક્સ ઓફિસમાં નહિ ભરી અને લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર સેલ્સ ટેક્સ પ્રેકટીશનર તરીકે પ્રેક્ટિસ કરતાં ઉમેશ સુથાર અને તેમના ભાગીદાર મહેન્દ્રભાઈ બાબુભાઈ સોની વિરૂદ્ધ ગોધરા ટાઉન એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રૂપિયા ૩૯ લાખ રૂપિયાની છેતરપિંડી ની ફરિયાદ નોંધવામાં આવેલ જે કામે આરોપી મહેન્દ્રભાઈ સોની એ પંચમહાલ જિલ્લાના સેન્સસ જજ જે.સી.દોશીની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજીની સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને નામદાર કોર્ટ દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## ગોધરા તાલુકાના ચંચેલાવ -કાંસુડી રેલ્વે ટ્રેક પાસેથી ૨૮ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવ્યો

ગોધરા,
ગોધરા તાલુકાના ચંચેલાવ અને કાંસુડી વચ્ચે આવેલ રેલ્વે લાઈન પરવડી ગૌશાળા પાસે ૨૮ વર્ષીય પરપ્રાંતિય યુવાનનો મૃતદેહ મળી આવતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ચંચેલાવ અને કાંસુડી વચ્ચે આવેલ રેલ્વે લાઈન પરવડી ગૌશાળા પાસે રેલ્વે લાઈનની બાજુ માંથી રામ વિલાસ જગદીશ ચૌધરી ઉ.વ. ૨૮ રહે. ભાજેલીયા, જી.ટોક, રાજસ્થાનનો કોઈ અગમ્યકારણોસર મરણ ગયેલ મૃતદેહ મળી આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.


# વડોદરાથી પાવાગઢ દર્શન અર્થે આવેલ ત્રણ વિદ્યાર્થીઓનું ડમ્પરના અડફેટે આવતાં કરૂણ મોત



ગોધરા,
હાલોલ–વડોદરા હાઈવે રોડ ઉપર વડોદરા સુમનદીપ કોલેજમાં અભ્યાસ કરતાં પાંચ મિત્રો પાવાગઢ દર્શન માટે આવતા હતા. દરમ્યાન બાઈક ઉપર સવાર ત્રણ વિદ્યાર્થીઓની બાઈક ટેન્કરના પાછળના ભાગમાં ઘુસી જતાં ત્રણ વિદ્યાર્થીઓના ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યા. પોલીસ ઘટના સ્થળે પહોંચીને મૃતદેહને પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા ખાતે સુમનદીપ કોલેજમાં અભ્યાસ કરતાં પાંચ મિત્રો બાઈક ઉપર પાવાગઢ ખાતે દર્શન માટે આવી રહ્યા હતા. ત્યારે હાલોલ–વડોદરા હાઈવે રોડ ઉપર ત્રણ મિત્રો સવારી કરેલ બાઈક આગળ ચાલતાં ટેન્કરમાં ઘુસી જતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. ટેન્કરની પાછળના ભાગે બાઈક ઘુસી જતાં બાઈક ઉપર સવાર ત્રણે વિદ્યાર્થી મિત્રોનું ઘટના સ્થળે કરૂણમોત વિરેન્દ્ર ભરતભાઈ ગોહિલ રહે. ગાંગરડી, તા. ગરબાડા, જયેન્દ્ર સંજયભાઈ પટેલ રહે. દેગાવાડા, તા. દે.બારીયા, રોનક ધનાભાઈ પરમાર રહે. લીંબડીયા, તા.લુણાવાડાના કરૂણ મોત નિપજાતા હાલોલ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ત્રણ વિદ્યાર્થીઓના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ.અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. સાથે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં ત્રણ યુવાન વિદ્યાર્થીઓના મોતની ઘટનાને લઈ હાજર લોકોએ દુઃખ વ્યકત કર્યુ.





### મૃતકોના નામ

વિરેન્દ્ર ભરતભાઈ ગોહિલ (ઉ.વ.૨૦) રહે. ગાંગરડી, તા. ગરબાડા, જી. દાહોદ,
જયેન્દ્ર સંજયભાઈ પટેલ (ઉ.વ.૨૦) રહે.દેગાવાડા, તા.દે.બારીયા, જી.દાહોદ,
રોનકભાઈ ધનાભાઈ પરમાર (ઉ.વ.૨૦) રહે. લીંબડીયા, તા.લુણાવાડા, જી.મહિસાગર

### રોનકનો આજે જન્મ દિવસ હતો

મૂળ લુણાવાડાના લીંબડીયા ગામના રહેવાસી રોનક ધનાભાઈ પરમારનો જન્મ દિવસ હતો. અને એજ દિવસે રોનકનું મોત થયું હતું. જેથી પરિવારજના શોકમાં ગરકાવ થઈ ગયા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મોહનીયા કરણસીંગ સબુરભાઈ
તરફથી અભીનંદન....
મુ. બીલીયા,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાઠોડ સરદારભાઈ તેરસિંહ
તરફથી અભીનંદન....
મુ. સીમામોઈ,
તા. ધાનપુર,
જી. દાહોદ